# રામ અને કૃષ્ણઃ ધર્મ, પ્રેમ અને કર્તવ્ય

**રામાદી મૂર્તિષુ કલનિયમેન તિષ્ઠુન ,નાનાઅવતારં અકરોદ્ભુવનેશું કિન્તુ**
**કૃષ્ણઃ સ્વયં સમભવત્ પુમાન યો , ગોવિંદં આદિ પુરુષં તમહ્ં ભજામિ**

બ્રહ્મસંહિતાનો એક શ્લોક છે જેમાં ભગવાન રામચંદ્રના અવતારનું વર્ણન કરવામાં આવ્યું છે. રામાદી. માત્ર રામ જ નહીં, બીજા ઘણા, અસંખ્ય અવતારો છે. તેમની સરખામણી નદીના તરંગો સાથે કરવામાં આવે છે. જેમ નદીનાં મોજાં કે સાગરનાં મોજાં ગણી શકાય તેમ નથી, તેવી જ રીતે પરમ ભગવાનના કેટલા અવતાર છે તે ગણી શકાય તેમ નથી પરંતુ તેમાંથી શાસ્ત્રોમાં મુખ્ય નામોનો ઉલ્લેખ છે. તેથી તેને રમાડી કહેવામાં આવે છે. રમાડી એટલે રામ અને બીજા પણ ઘણા અવતાર અને તેઓ અસ્તિત્વમાં છે. એવું નથી કે એક અવતાર દેખાયો અને તે સમાપ્ત થઈ ગયો. જેમ ભગવાન રામચંદ્ર આ પૃથ્વી પર પ્રગટ થયા હતા, તેમ કહો લાખો વર્ષ પહેલાં તે ત્રેતાયુગમાં દેખાયા. ત્રેતાયુગ એટલે... આપણે આ યુગના માત્ર પાંચ હજાર વર્ષ પસાર કર્યાં છે, કલિયુગ. તે પહેલાં દ્વાપર યુગ હતો. દ્વાપર યુગ એટલે 8,00,000 વર્ષ અને તે પહેલાં ત્રેતાયુગ હતો, જે બાર લાખ વર્ષ સુધી ચાલ્યો. તેનો અર્થ એ કે ભગવાન રામચંદ્ર આ ગ્રહ પર પ્રગટ થયા તેના ઓછામાં ઓછા 20 લાખ વર્ષ પહેલાં. ભગવાન રામ ભગવાન વિષ્ણુના દસ અવતારોમાંના એક છે અને ભગવાન કૃષ્ણની સાથે બે સૌથી લોકપ્રિય અવતારોમાંના એક છે. રામનવમી સમગ્ર ભારતમાં વ્યાપકપણે ઉજવવામાં આવે છે. ભગવાન રામને કુટુંબ અને વિષયો બંને પ્રત્યેની તેમની તમામ ફરજો પૂર્ણ કરવા માટે પૂર્ણતાનું પ્રતીક માનવામાં આવે છે. રામનવમી એ ભગવાન શ્રી રામચંદ્રના તમામ ભક્તો દ્વારા સમગ્ર ભારતમાં અને વિશ્વભરમાં ઉજવવામાં આવતો ખૂબ જ પ્રખ્યાત તહેવાર છે.

તે દર વર્ષે ચૈત્ર માસના શુક્લ પક્ષની નવમી તિથિએ ઉજવવામાં આવે છે. ભગવાન શ્રી રામ ભગવાન વિષ્ણુના દશાવતારોમાં 7મો અવતાર છે. તેઓ ત્રેતાયુગમાં તેમના ત્રણ ભાઈઓ ભરત, લક્ષ્મણ અને શત્રુઘ્ન સાથે આવ્યા હતા. તેઓ રાજા



ઈક્ષવાકુના સૂર્ય વંશમાં રાજા દશરથના પુત્ર તરીકે પ્રગટ થયા હતા.

**ભગવાન અવતાર કેમ લે છે?**

આ જિજ્ઞાસા, દરેક વ્યક્તિ જાણવા માંગે છે કે ભગવાન અવતાર કેમ લે છે? ભગવાન કૃષ્ણે શ્રીમદ ભગવદ ગીતામાં જવાબ આપ્યો છે. ભગવત ગીતાના ચોથા અધ્યાયના સાતમા શ્લોક મુજબ

ભગવાન કૃષ્ણ અર્જુનને કહે છે-

**યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર ભવતિ ભારત**
**અભ્યુત્થાનમ અધર્મસ્ય તદાત્માનમ શ્રીજામ્યહમ**

"જ્યારે અને જ્યાં પણ ધાર્મિક વ્યવહારમાં ઘટાડો થાય છે, હે ભરતના વંશજ અને અધર્મનો વધારો થાય છે - તે સમયે હું પૃથ્વી પર અવતાર ધારણ કરું છું."

ભગવત ગીતાના ચોથા અધ્યાયના આઠમા શ્લોકમાં ભગવાન કહે છે

**પરિત્રાણય સાધુનામ વિનાશાય ચ દુષ્કૃતમ્**
**ધર્મ-સંસ્થાપનાર્થાય સંભવમી યુગે યુગે**

"ધર્મનિષ્ઠોને પહોંચાડવા અને દુષ્કર્મીઓનો નાશ કરવા અને ધર્મના સિદ્ધાંતોને પુનઃસ્થાપિત કરવા માટે, હું મારી જાતે સહસ્ત્રાબ્દી પછી સહસ્ત્રાબ્દીમાં આગમન કરું છું."

રામનવમીનું મહત્ત્વ

રામનવમી પર્વનું મહત્ત્વ એ છે કે બૂરાઈ ગમે તેટલી મોટી હોય, તેણે સારાથી પરાજય મેળવવો જ પડે છે. રાવણ, જેને દસ માથાં હતાં, ભગવાન રામે તેને એક બાણથી હરાવ્યો. બ્રહ્મવૈવર્ત પુરાણમાં, ભગવાન બ્રહ્માએ ભગવાન હોવાની વ્યાખ્યા આબેહૂબ રીતે સમજાવી છે. તેમણે કહ્યું, "જેની પાસે સર્વ ઐશ્વર્ય કે ધન, સર્વ વીર્ય કે બળ, સર્વ યશ કે કીર્તિ, સર્વ શ્રી કે સૌંદર્ય, સર્વ જ્ઞાન કે જ્ઞાન, સર્વ વૈરાગ્ય કે ત્યાગ છે તેને ભગવાન કહેવાય છે, સર્વોપરી પરમાત્મા.

**ધર્મરંગ**
**વ્યોમા સેલર**

આ સાબિત કરે છે કે માત્ર ભગવાન રામ જ બ્રહ્માંડમાં સૌથી મહાન અને સૌથી પ્રભાવશાળી વ્યક્તિત્વ છે. તેથી રાવણનો પરાજય અનિવાર્ય હતો.

**ભગવાન રામની વાર્તા**

ભાગવત પુરાણ અનુસાર, ભગવાન વિષ્ણુના બે દ્વારપાળ હતા, જય અને વિજય. તે બંનેને ચાર કુમારો દ્વારા શ્રાપ આપવામાં આવ્યો હતો - સનાક કુમાર, સનાતન કુમાર, સનંદના કુમાર અને સનત કુમાર. શ્રાપ મુજબ, તે બંનેએ ત્રણ વખત રાક્ષસ તરીકે પૃથ્વી પર જન્મ લેવો પડશે અને તેઓ ભગવાન વિષ્ણુના

**માત્ર ભગવાન રામ જ બ્રહ્માંડમાં સૌથી મહાન અને સૌથી પ્રભાવશાળી વ્યક્તિત્વ છે. તેથી રાવણનો પરાજય અનિવાર્ય હતો**

દુશ્મન બનશે. બંનેએ પુલસ્થ્ય બ્રાહ્મણના પુત્ર તરીકે જન્મ લીધો હતો. જન્મથી જ તેઓ નિર્દય હતા; તેઓએ ઘણા દેવતાઓ અને અર્ધ દેવીઓને મોહિત કર્યા. આ બધું જોઈને ભગવાન વિષ્ણુ રાજા દશરથના પુત્ર તરીકે પ્રગટ થયા. વાલ્મીકિ રામાયણ અનુસાર રાજા દશરથને 353 રાણીઓ હતી. માત્ર ત્રણ જ રાણીઓ અગ્રણી હતી, માતા કૌશલ્યા, માતા કૌકયી અને માતા સુમિત્રા. રાજા દશરથ, જે પોતાના રથને દસ દિશામાં લઈ જઈ શકતા હતા, તે એક મહાન, શક્તિશાળી અને પ્રતાપી રાજા હતા.

શ્રીલ પ્રભુપાદ દ્વારા સમગ્ર વિશ્વમાં ઈસ્કોન મંદિરે રામ નવમીની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે અને મંદિરને કલાત્મક ફૂલોથી શણગારવામાં આવે છે. તેમ જ મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવે છે. ભગવાન રામની પ્રભુતાના આશીર્વાદ મેળવવા માટે, તેમનો અભિષેક કરી હરે કૃષ્ણ મહામંત્ર કીર્તન કરવામાં આવે છે, ભગવાન રામના જપ કરવામાં આવે છે.

---

# ઊલટા ચાકાર કુંભ

**બાઉલ કથા**



**લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ**

બંગાળના તમલુક જિલ્લાનું વડું મથક પણ તમલુક છે. તે રૂપનારાયણ નદીના પૂર્વ કાંઠે વસેલું છે. તે નદીના કાંઠે કુકરપા નેડા બાઉલનો આશ્રમ છે. તમલુક શહેર, પ્રાચીન બંદરગાહવાળા સમૃદ્ધ નગર તામ્રલિપ્તપુરના ઉજ્જડ થયેલા ટીંબા પર વસેલું છે.

ત્યાં બૌદ્ધ ધર્મનો જીર્ણ મઠ પણ આવેલ છે. તેના અવશેષો વિખરાયેલા છે, તેથી બૌદ્ધ વિચારધારાને અનુસરતા સિદ્ધાચાર્યોના વિચારને અનુસરતા, નેડા બાઉલ ત્યાં વસતા હોય તે સહજ છે.

કુકરપા બાઉલ થોડી ઘણી માધુકરી કરી, બાકીનો સમય પોતાની નિજી સાધનામાં વ્યસ્ત કરતા. મંથન રાય સાથે અમે તેના આશ્રમે પહોંચ્યા ત્યારે તે બગીચામાં પાણી સીંચતા હતા.

મંથનને તેમની સાથે ખૂબ નજીકનો વાતો કરવાનો નાતો હતો. તેથી તેણે અમારી સામે જોઈ અને કુકરપા બાઉલનો પરિચય આપતા કહ્યું, ''જો સતીશ! આ અમારો ઊલટાપાથી, નેડા, કુકરપા બાઉલ!'' અમે બધાએ તેમને વંદન કર્યા.

અમારા એક સહપ્રવાસીએ મંથનને પૂછ્યું, ''તમે બાઉલને ઊલટાપાથી કેમ કહો છો?''

મંથને કહ્યું, ''તે પ્રશ્નનો જવાબ કુકરપા આપે, તે જ સારું રહેશે.''

પછી કુકરપા તરફ જોઈ અને બોલ્યો. ''કુકર, તમે ઊલટાપાથી કેમ કહેવાયા તે અંગે, તારી તારા ગુરુ સાથે થયેલ વાતચીત અને તે પ્રસંગ મિત્રોને



કહે ને!'' કુકરપા બોલ્યા, ''હું જ્યારે મારા ગુરુ અલત પા પાસે, નેડા તરીકે દીક્ષિત થવા આવ્યો, ત્યારે પ્રારંભનાં વર્ષોમાં તેમણે આશ્રમમાં આવેલા એક મુલાકાતી સાથે વાત કરતાં કહ્યું, ભાઈ! અમે બાઉલ તો ઊલટા ચાકાર કુંભ છીએ!

તે મુલાકાતી ચાલ્યા ગયા પછી મેં ગુરુને પૂછ્યું કે ગુરુ આપણે બધા બાઉલ ઊલટા ચાકાર કુંભ કેમ કહેવાઈએ છીએ?

ગુરુ હળવું હસ્યા અને બોલ્યા કે ખોકા, (છોરા) તું હજી નાનો છો, તે વાતો પછી. અત્યારે તો કુંભાર પાસે જા અને સિદ્ધા કુંભારને કહેજે કે ઉનાળો આવી ગયો છે અને બાઉલે કુંભ મંગાવ્યો છે.

હું સિદ્ધા કુંભારના ઘેર ગયો પરંતુ તે તો એક માસ માટે જગન્નાથપુરી યાત્રાએ ગયો હતો. તેના પુત્રે મને માટલું આપ્યું.

હું ગુરુ પાસે તે માટલું લઈને ગયો. ગુરુએ માટલું ચકાસીને કહ્યું કુકર આ માટલું ઊલટા ચાકાર નથી. તું કુંભાર પાસે ફરીથી જા અને જો સિદ્ધા કુંભાર ન હોય તો તેની પત્નીને કહેજે કે બાઉલ ગુરુએ માટલું મંગાવ્યું છે.

મેં ત્યાં જઈ અને તે કુંભારનાં પત્ની પાસે માટલું માગ્યું. તેણે તેના પુત્રને કહ્યું તારા પિતાજીએ જે દૂર અલાયદું રાખેલું છે તે માટલું લઈ આવ અને સાથે જઈ બાઉલને આશ્રમ સુધી મૂકી આવજે.

અમે બંને ગુરુ પાસે પહોંચ્યા. માટલું જોઈ ગુરુએ સંતોષ વ્યક્ત કર્યો.

હું જોવા લાગ્યો કે બંને માટલામાં શું ફરક છે?

મારો મનોવિચાર જાણી ગયેલા મારા ગુરુ બોલ્યા કે તને મનમાં એમ થાય છે ને કે આ બંને માટલામાં શું ફરક છે? તો આ કુંભારનો પુત્ર તારી સાથે આવ્યો છે, તેને જ પૂછી લે ને!

પછી ગુરુએ સિદ્ધા કુંભારના પુત્રને પ્રથમ માટલું બતાવી અને પૂછ્યું કે બેટા, આ માટલું બનાવવામાં ચાક પર કેટલો સમય લાગ્યો હતો?

તે બાળક બોલ્યો કે દસ મિનિટ, બાઉલ ગુરુ!

ગુરુએ બીજું માટલું બતાવી, પૂછ્યું કે હવે કહે કે આ માટલું બનાવવામાં કેટલો સમય લાગ્યો હતો?

તે બાળક બોલ્યો કે એક દિવસ આખો ચાલ્યો ગયો હતો.

બાઉલે પૂછ્યું કે તેવું શા માટે બન્યું ?

તે બાળક બોલ્યો કે અમે માટલું ચાક પર ઉતારવા માટે ચાકડાને ઘડિયાળના કાંટાની દિશામાં ફેરવીએ, તમે જે પહેલા બતાવ્યું તે માટલું તે રીતે જ બનેલું છે. તેથી તે 10 મિનિટમાં તૈયાર થઈ ગયું.

પછી થોડું રોકાઈને બોલ્યો કે આ માટલું તમારા માટે ખાસ બનાવવા માટે મારા બાપુ ચાકને ઘડિયાળના કાંટાની વિરુદ્ધ દિશામાં ફેરવતા હતા. ચાકને અવળો ફેરવવાની આદત ન હોય તેથી થાકી જતાં. પછી અવળી ગતિ હોઈ માટલાને ચાક પર આકાર દેવામાં પણ ખૂબ કાળજી રાખવી પડતી. કસોટી થતી. માટલા

**માટલા બનાવનાર કુંભાર લોકો માટે સવળા ચાક પર માટલા બનાવવા સાવ સહેલા પણ અવળો ચાક ચલાવી અને માટલા બનાવવા ખૂબ અઘરા કારણ કે તેમાં ધૈર્ય, કાળજી અને સંયમ રાખવો પડે. હુન્નરની કસોટી થાય અને સમય પણ ખૂબ લાગે**

બનાવનાર કુંભાર લોકો માટે સવળા ચાક પર માટલા બનાવવા સાવ સહેલા પણ અવળો ચાક ચલાવી અને માટલા બનાવવા ખૂબ અઘરા કારણ કે તેમાં ધૈર્ય, કાળજી અને સંયમ રાખવો પડે. હુન્નરની કસોટી થાય અને સમય પણ ખૂબ લાગે.'' આ રીતે કુંભારના બાળકે વાત પૂરી કરી.

કુકરપાએ અમને સંબોધીને કહ્યું, ''આ વાત પૂર્ણ થઈ એટલે મારા ગુરુ બોલ્યા કે આપણે બાઉલ એટલે આવા ઊલટા ચાકાર કુંભ એટલે કે અવળા ચાલતા ચાકના ઘડા!

પછી આગળ બોલ્યા કે લોકો ભલેને ઊલટાપાથી કહે પણ મનેર માનુષ પ્રજાપતિએ ખૂબ જ સમય કાઢીને, ધૈર્ય, કાળજી અને ચીવટ રાખીને આપણને ઘડેલા છે. લોકો ટીકા કરે તો તેનાથી વિચલિત ન થવું!